ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# શહેરમાં સાંજે આંધી સાથે વરસાદી છાંટણા

## વરસાદી છાંટણાથી ઠંડક પ્રવર્તી : દિવસની ગરમીના અંતે બપોર બાદ વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો ગાંધીનગર ધુળિયુ બન્યુ : હોળી દહનના આયોજકો પણ ઉચાટ : માવઠાની અસરથી ખેડુતોમાં પણ ચિંતા પ્રવર્તી : સેકટરોમાં ધુળની ચાદર પથરાઇ







ગાંધીનગર તા ૬

ગાંધીનગરમાં બપોર બાદ અચાનક જ વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. દિવસની આકરી ગરમીના અંતે વાતાવરણ પલ્ટાયુ હતુ સાંજના સમયે ધુળની આંધીથી સમગ્ર શહેર ધુળિયુ બની ગયુ હતુ. સુસવાટા મારતા વંટોળ વચ્ચે સેકટરોમાં ધુળની ચાદર પથરાઇ હતી જયારે થોડીવારના અંતે પવનનુ જોર ઘટી જતા મોડી સાંજે આકાશમાં ગોરંભાયેલા વાદળોના લીધે વરસાદી છાંટણાં વરસ્યા હતી. સાંજે હોળીકા દહનના ટાંણે વરસાદી વાયરાથી આયોજકોમાં પણ ઉચાટ પ્રવર્તયો હતો જયારે વાતાવરણ પલ્ટાની અસરથી માવઠાની સંભાવના વચ્ચે ખેડુતોમાં પણ ચિંતા પ્રવર્તી હતી. શહેરના માર્ગો પર સુકા પાન અને ધુળના ઢગ ખડકાયા હતા. સાંજના સમયે ભીંજારાનો માહોલ જોવા મળ્યો હતો.

ગાંધીનગરમાં આજે સાંજના સમયે અચાનક જ વાતાવરણ પલ્ટો જોવા મળ્યો હતો. દિવસના આકરા તાપ વચ્ચે નગરજનોએ બપોરના આકરી ગરમી અનુભવી હતી જયારે બપોર બાદ અચાનક જ આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયા હતા. શહેરમાં પવનની આંધી ફુંકાતા સેકટરોમાં ધુળની ડમરીઓ ફરી વળી હતી. ગાંધીનગર ધુળિયુ બની ગયુ હતુ. શહેર તેમજ આસપાસના વિસ્તારમાં પણ વાતાવરણ પલ્ટાની અસર વર્તાઇ હતી. સમગ્ર જિલ્લામાં આંધી ફુંકાતા માવઠાની ભીતી વચ્ચે ખેડુતોમાં પણ ચિંતાનુ મોજુ પ્રવર્તયુ હતુ. શહેરમાં છેલ્લા એક સપ્તાહથી ગરમીનુ પ્રમાણ વધી રહ્યુ છે. ગરમીનો પારો ૩૮ ડીગ્રી નજીક પહોંચી જતા વાતાવરણમાં ઠંડી અદ્રશ્ય થઇ ગઇ છે. જયારે વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડીની આંશિક અસર અનુભવાતા નગરજનો બેવડી સિઝનની આડઅસરથી પ્રભાવિત છે. પાનખરના લીધે આમ પણ શહેરીજનો એલર્જીની તકલીફથી ત્રાહીમામ છે. જયારે ઉગતા ઉનાળે વાતાવરણમાં પણ વારંવાર પલ્ટો આવતા શહેરીજનો મોસમની વિચિત્ર અસરથી પ્રભાવિત છે. આજે સવારથી જ વાતાવરણ ચોખ્ખુ રહ્યુ હતુ જયારે દિવસ દરમિયાન ગરમીનુ જોર પણ રહ્યુ હતુ સૌરાષ્ટ્ર સહીતના કેટલાક વિસ્તારમાં વાતાવરણ પલ્ટાની અસરથી માવઠુ થતા ભીંજારાની મોસમ જોવા મળી હતી. જયારે ગાંધીનગરમાં પણ બપોર બાદ અચાનક જ વાતાવરણમાં ફેરફાર થયો હતો. નાટયાત્મક રીતે વાતાવરણમાં પલ્ટો આવતા આકાશી નઝારો બપદલાયો હતો ગમે ત્યારે વરસાદી ઝાપટુ વરસશે તેવી સ્થિતિ જોવા મળી હતી. વાદળિયા વાતાવરણ વચ્ચે સાંજના સમયે ભારે પવન ફુંકાયો હતો. પવનની આંધી સાથે ગાંધીનગર ધુળિયુ બની ગયુ હતુ. સતત ઉડતી ધુળની ડમરીઓ અને સુકાયેલા પાનના ઢગથી સેકટરોના માર્ગો પર કચરો પથરાઇ ગયો હતો. ધુળની આંધીથી માર્ગ પર જતા વાહનચાલકોને પણ પરેશાની વેઠવી પડી હતી. પવનની સાથે ધુળની ડમરીઓ ઉડતા વાહનચાલકો રીતસર વાહન રોકીને માર્ગની એકબાજુએ ઉભા રહી જવાની ફરજ પડી હતી. વાતાવરણ પલ્ટાની અસર ગાંધીનગર સહીત દહેગામ , કલોલ અને માણસા વિસ્તારમાં પણ જોવા મળી હતી. માણસામાં કેટલાક ઠેકાણે વરસાદી ઝાપટુ પણ થયુ હતુ. માવઠાની સ્થિતિ વચ્ચે ખેડુતોમાં પણ ચિંતાના વાદળો ઘેરાયા હતા. એકબાજુ હોળી પ્રગટાવવા માટે પણ સેકટરોમાં તૈયારીઓ ચાલી રહી હતી ત્યારે અચાનક જ વાતવરણ

● અનુસંધાન પાન-૭ પર

## શક્તિપીઠ અંબાજી મંદિરમાં મોહનથાળનો પ્રસાદ જ અપાશે

ગાંધીનગર, તા. ૬

સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં મોહનથાળનો પ્રસાદ બંધ કરવાની હિલચાલ સામે વિરોધનો વંટોળ ઉભો થયો હતો. ભાવિકોએ પરંપરાગત રીતે અપાતા મોહનથાળના પ્રસાદને બંધ કરવાના નિર્ણયનો ભારે વિરોધ કરતા આખરે આ નિર્ણયને મોકુફ રખાયો છે.

ઉત્તર ગુજરાતમાં આવેલ યાત્રાધામ અંબાજીની મુલાકાતે દર વર્ષે લાખો મુલાકાતીઓ આવે છે. દૂર દૂરના વિસ્તારોમાંથી મા અંબાના દર્શને આવતા ભાવિકો ભક્તોને પ્રસાદમાં મોહનથાળ અપાય છે. વર્ષોથી પરંપરાગત રીતે મોહનથાળનો પ્રસાદ આપવામાં આવતા તે ખૂબ લોકપ્રિય છે. બહારગામથી આવતા ભાવિકો પોતાની સાથે મોહનથાળનો પ્રસાદ અચૂક લઈને જતા હતા.

● અનુસંધાન પાન-૭ પર

## મિલ્કતવેરા બાદ વ્યવસાય વેરાની બાકી વસુલાત માટે ૧૮૩૮ને નોટીસ થમાવતુ મનપા

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર મનપા દ્વારા મિલ્કત વેરાની આક્રમક વસુલાતને પગલે વ્યવસાય વેરાની પણ આક્રમક વસુલાત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સંદર્ભે મનપાના તંત્ર દ્વારા ૧૮૩૮ જેટલા વ્યવસાયકારોને નોટીસ પણ આપવામાં આવી છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ગત વર્ષની તુલનામાં મનપાએ વ્યવસાયવેરાની વસુલાત ૨૮ ફેબ્રુઆરી સુધીમાં ૧૦ ટકા જેટલી વધારે કરી છે.

આ સૂત્રોના જણાવ્યાનુસાર મનપામાં જે ત્રણ ઝોન ઉભા કરવામાં આવ્યા છે તે તમામ ઝોનમાં આ નોટીસો જારી કરવામાં આવી છે. નોર્થ ઝોનમાં ૯૬૩, મધ્ય ઝોનમાં ૪૦૦ અને દક્ષિણ ઝોનમાં ૪૭૫ નોટીસો જારી કરવામાં આવી છે.

મનપાને ૨૦૨૨-૨૩ના નાણાંકીય વર્ષમાં ફેબ્રુઆરી અંતિત વ્યવસાયવેરાની આવક ૧,૨૨૬ લાખની થઈ છે. છેલ્લા બે વર્ષથી વ્યવસાય વેરાની આવકમાં વધારો થયો હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. દરમ્યાન વ્યવસાયવેરાની માફી યોજના અંતર્ગત મનપામાં ૮૪૬ વ્યવસાયકારોએ આ સમાધાન યોજનાનો લાભ લઈ અને રૂ. ૫૮૦ લાખ જેટલી રકમ જમા કરાવી છે તેમજ રૂ. ૬૧ લાખ જેટલી વ્યાજની રકમની માફી મેળવી છે.

શહેરમાં મનપા તંત્ર દ્વારા વ્યવસાય વેરાની વસુલાત માટે નોટીસો જારી કરવામાં આવતાં આવક વધશે તેવો વિશ્વાસ તંત્રના સૂત્રો વ્યક્ત કરી રહ્યા છે.

## આંધી બાદ માણસા, કલોલમાં હળવો વરસાદ

ગાંધીનગર, તા. ૬

જિલ્લામાં આજે સાંજે ફુંકાયેલ આંધી પછી માણસા તાલુકામાં ૧૦ મી.મી., કલોલમાં ૧ મી.મી. અને ગાંધીનગરમાં છાંટા નોંધાયા છે. જિલ્લામાં ૭મીએ પણ છુટા છવાયા સ્થાનો પર વરસાદ થવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. કમોસમી વરસાદને પગલે ખેડૂતોમાં ચિંતાની લાગણી પ્રસરી જવા પામી છે. ઘઉંની કાપણી ચાલી રહી હોઈ તે પલળી જવાનો ભય ઉભો થયો છે. આ વખતે ઠંડીનો છેલ્લો રાઉન્ડ આવશે તેવી આશા ખેડૂતોએ રાખી હતી પરંતુ તેના પર પણ પાણી ફરી વળ્યુ છે. જિલ્લામાં હવામાનમાં સતત થઈ રહેલા બદલાવને પગલે પાક.ઉત્પાદન પર પણ વિપરીત અસરો જોવા મળી રહી છે. ઘઉં, બટાટા અને રાયડાના ઉત્પાદનમાં ઘટાડો જોવા મળ્યો છે. બટાટાના ભાવ પણ ના મળતાં ખેડતોની હાલત કફોડી છે.

## રાજકીય રંગે રંગાયેલા નેતાઓ આજે કેસુડાના રંગે રંગાશે...

### ગૃહના સમયમાં પણ ફેરફાર કરાયો : ભગવાન નૃસિંહના અવતરણના સમય મુજબ શંકરભાઈએ ફેરફાર કર્યાની વાતો સભ્યોમાં સંભળાઈ

ગાંધીનગર, તા. ૬

૭મીએ પડતર દિવસ છે અને ૮મી માર્ચના રોજ ધુળેટી પર્વ છે. સરકારે તેના કેલેન્ડરમાં પણ ૮મીની રજા જાહેર કરી છે.

મંગળવારે ૧૫મી વિધાનસભામાં હોળી પર્વની ઉજવણીનો નિર્ણય લેવામાં આવ્યો છે અને આ માટે વિધાનસભાના પ્રવેશ દ્વાર પાસે ખાસ શમિયાણો પણ ઉભો કરવામાં આવ્યો છે. આ હોળી પર્વની ઉજવણીમાં રાજયના મુખ્યમંત્રી, મંત્રીમંડળના સભ્યો તેમજ ભાજપ, કોંગ્રેસ અને આપના ધારાસભ્યો જોડાવાના છે.

મળતી વિગતો પ્રમાણે કુદરતી રંગથી હોળીનો તહેવાર ઉજવવાનો સંદેશ રાજ્યની જનતાને આપવા માટે ખાસ કેસુડાના ફૂલોની વ્યવસ્થા કરવામાં આવી છે. વિધાનસભામાં આ હોળી પર્વ માટે ૧૦૦ કિલો કેસુડાના ફૂલ મંગાવવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે શાસક પક્ષના મુખ્ય દંડક બાલકૃષ્ણ શુકલએ આ હોળી રમાય તેનુ આયોજન કરવા માટે અધ્યક્ષશ્રીને એક દરખાસ્ત આપી હતી અને અધ્યક્ષશ્રીએ દરખાસ્ત ગ્રાહ્ય રાખતાં વિધાનસભા સચિવાલયે પણ તેને મંજુરી આપી છે.

દરમ્યાન આજે પડતર દિવસ હોઈ વિધાનસભા ગૃહની બેઠક પણ સવારની કરવામાં આવી છે. ગૃહની બેઠક સવારની હોય ત્યારે ગૃહ સવારે ૧૦ વાગે શરૂ થતુ હોય છે પરંતુ આજે તે સવારે નવ વાગે શરૂ થશે.

અગાઉ વિધાનસભામાં સવારની બેઠક સવારે ૮.૩૦ વાગે શરૂ થતી હતી પરંતુ ઘણીવાર કોરમના અભાવે ગૃહ વિલંબથી શરૂ થયાની ઘટનાઓ પણ છે. જો કે તત્કાલીન અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ સવારની બેઠક સવારે ૧૦ વાગે શરૂ કરવાનો નિર્ણય જાહેર કર્યો હતો.

વર્તમાન અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ સવારની બેઠક સવારે ૮.૩૦ વાગે નહિ અને ૧૦ વાગે પણ નહિ પણ નવ વાગ્યાનો સમય રાખ્યો છે. આ વાતને પણ હોલિકાદહન અને ભગવાન નૃસિંહના અવતરણ સમય સાથે જોડી સભ્યોમાં ચર્ચાઓ થતી પણ સાંભળવા મળી હતી.

અગાઉ કોંગ્રેસના શાસનમાં સ્વ. અમરસિંહ ચૌધરીએ હેલિપેડ ગ્રાઉન્ડ પર ઘેરૈયા નૃત્યનું આયોજન હોળી પર્વે કર્યુ હતુ જે નોંધનીય છે.



"રંગ દે મોહે.... આ ગીતમાં ભલે લાલ કલરની વાત થઈ હોય પરંતુ આજકાલ ગાંધીનગર શહેરમાં જાંબલી રંગની બોલબાલા છે. શહેરમાં ઠેર ઠેર જાંબલી રંગના ફૂલો ખીલી ઉઠ્યા છે. શહેરને હરીયાળુ બનાવવા માટે વર્ષો અગાઉ ઉછેરવામાં આવેલા વિદેશી કુળના વૃક્ષો પર ઉનાળાની શરૂઆતમાં ઘેરા જાંબલી કલરના ફૂલ આવે છે. આખુ વર્ષ લીલુછમ રહેતુ આ વૃક્ષ ઉનાળાની શરૂઆતમાં આખે આખુ જાંબલી કલરના ફૂલોથી છવાઈ જાય છે. ખુબ સુંદર લાગતા આ ફૂલો ડાળી પરથી ખરે ત્યારે નીચે જાંબલી કલરની જાણે ચાદર કોઈએ બીછાવી દીધી હોય તેવી આભા ઉભી થાય છે. આ નવનરમ્ય નજારો ઉનાળાની ગરમીમાં શહેરને માણવાલાયક બનાવી રહ્યો છે.

## પેથાપુર જંકશન પર ટ્રાફિક જામને નિવારવા ફલાય ઓવર તૈયાર કરાશે

### ડીટેઇલ પ્રોજેક્ટ રીપોર્ટ વનવિભાગ , પાણી ગટર સહીતની લાઇન સિફ્ટીંગનુ કામ પણ એજન્સીને સોંપવામાં આવશે

ગાંધીનગર તા ૬

ગાંધીનગરમાં પણ મેગા સીટીની જેમ ટ્રાફિકનુ પ્રમાણ વધી ગયુ છે. વસતી વધવાની સાથે વાહનોની સંખ્યા પણ વધી છે. ગાંધીનગર સાથે જોડાયેલા માર્ગો પર ટ્રાફિક જામની સમસ્યા પણ પેચીદી બનતી જાય છે. આવા સંજોગોમાં અનેકવાર રજુઆતોના અંતે ટ્રાફિકથી ધમધમતા પેથાપુર જંકશન પર ફલાય ઓવર બાંધવાની યોજના હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે. જયારે આ કાર્યોજનાને અનુલક્ષી પાટનગર યોજના ભવન કક્ષાએથી ડીટેઇલ પ્રોજેકટ રીપોર્ટ તૈયાર કરવા ઉપરાંત ખાનગી પેઢીને વિવિધ તંત્ર પાસેથી એન ઓ સી મેળવવાની જવાબદારી પણ સોંપવામાં આવશે.

ગાંધીનગર અમદાવાદ વચ્ચેના રૂટમાં પણ વિવિધ જંકશન પર ઓવર બ્રિજ તૈયાર કરવામાં આવ્યા છે. ચિલોડા સરખેજ હાઈવેને અનુલક્ષીને પણ રૂટમાં સાતથી વધુ ઓવરબ્રિજ તૈયાર કરાયા છે. જયારે હાલ એપોલો સર્કલ પાસે પણ કેબલ સ્ટેડ બ્રિજ તૈયાર કરવાની કામગીરી ચાલી રહી છે. જેના લીધે વાહનચાલકોને પણ રાહત થઈ છે. ઝડપી અને સરળ વાહન વ્યવહારના લીધે માર્ગ સલામતીના પરિબળો પણ જળવાય છે. ટ્રાફિક જામની સમસ્યા પણ હળવી થતા પેટ્રોલ ડીઝલનો વેડફાટ પણ નિવારી શકાય છે. જયારે ક્રોસ જંકશન પર અકસ્માતો વધુ થતા હોય છે જયારે ઓવર બ્રિજની યોજનાના લીધે અકસ્માતની સંખ્યા પણ નિવારી શકાય છે. ગાંધીનગરમાં પણ ઘ-૭ સર્કલ થી પેથાપુર મહુડી તરફ જતા રૂટમાં ટ્રાફિકનુ પ્રમાણ હંમેશા વધુ રહે છે. આ સ્થિતિ વચ્ચે પેથાપુર મહુડી માર્ગને પણ પ્રવાસન પથ હેઠળ ચાર માર્ગીય કરવાની યોજના હાથ ધરવામાં આવી હતી જો કે પેથાપુર જંકશન પર હાલ ટ્રાફિક જામની સમસ્યાનો સામનો વાહનચાલકો કરી રહ્યા છે. સવારે અને સાંજે ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. જયારે આ ઠેકાણે ઓવરબ્રિજ બનાવવા માટે અનેકવાર રજુઆતો પણ કરવામાં આવી છે. જયારે આ રજુઆતના અંતે સરકારે આ ઠેકાણે ઓવરબ્રિજ બાંધવા માટે આયોજન કર્યુ છે. પેથાપુર જંકશન પર ફલાય ઓવર બ્રિજ તૈયાર કરવા માટે પાટનગર યોજના વિભાગ કક્ષાએથી પણ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. અલબત્ત આ દીશામાં આયોજન કરવામાં આવી રહ્યુ છે. જયારે આ અન્વયે ફીઝીબીલીટી

● અનુસંધાન પાન-૭ પર



### વિધાનસભામાં ગાંધીનગર

- પ્રકાશ જહા

## ગાંધીનગર મેડીકલ કોલેજમાં ૧૨૦ જગ્યાઓ ખાલી છે

### ગાંધીનગર સરકારી ઈજનેરી કોલેજમાં ૪૨ જગ્યાઓ ખાલી છે

ગાંધીનગર, તા. ૬

વિધાનસભા ગૃહમાં આજે આરોગ્ય પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ વન પર્યાવરણ અને ક્લાઈમેન્ટ ચેઈન્જ વિભાગની પ્રશ્નોત્તરી રજુ થઈ હતી. સામાન્યત: હોળીના દિવસે ગૃહમાં રજા હોય છે પણ આ વખતે રજા નથી રખાઈ અને ગૃહની કામગીરી ચાલુ રખાઈ હતી.

આજે પ્રશ્નોત્તરી દરમ્યાન આરોગ્ય સેવાઓના સઘનીકરણ માટે સભ્યોએ સારી એવી ચિંતા વ્યક્ત કરી હતી તો છેલ્લા થોડાક સમયથી આ દિશામાં લેવાઈ રહેલા પગલાંઓને સભ્યોએ વખાણ્યા પણ હતા અને સરકારની પીઠ થપ થપાવી હતી.

● **રાજ્યના આરોગ્ય કેન્દ્રોમાં ટેલીમેડીસીન મંત્રણા**

ગાંધીનગર (દ)ના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે રાજ્યના આરોગ્ય કેન્દ્રોમાં ટેલી મેડીસીન મંત્રણા અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં આરોગ્યમંત્રીએ જણાવ્યુ છે કે રાજ્યકક્ષાએ આ માટે ૧૮ હબ શરૂ કરવામાં આવ્યા છે.

ગાંધીનગરમાં પરફોમીંગ મોનીટરીંગ કંટ્રોલ લેબ ખાતે ૧, મેડીકલ કોલેજમાં ૧૪, રાજકોટ એઈમ્સ કોલેજ ખાતે-૧, જયદીપ હોસ્પિટલ-૧, જી.સી.આર.આઈ. હોસ્પિટલ ખાતે એક એમ ૧૮ સ્થાનો પર રાજ્યકક્ષાના હબ બનાવવામાં આવ્યા છે.

તેમણે જણાવ્યુ હતુ કે ૧૪૭૫ પ્રા.આ. કેન્દ્રો અને ૩૦૫ અર્બન પ્રા.આ. કેન્દ્રો હબ કમ સ્પોક તરીકે સ્થાપિત કરવામાં આવેલ છે.

૭ હજારથી વધુ પેટા આરોગ્ય કેન્દ્રો પણ સ્પોક તરીકે સ્થાપિત કરવામાં આવેલ છે.

માર્ચ-૨૦૨૦થી આ યોજના અમલી બનાવવામાં આવી છે. ટેકનોલોજીના માધ્યમથી અંતરના અવરોધને દૂર કરી છેવાડાના નાગરિકોને આરોગ્યલક્ષી સારવાર પુરી પાડવી, આરોગ્યસેવાઓનો વ્યાપ વધારવો અને આઉટ ઓફ પોકેટ ખર્ચ ઘટાડવો. તદ્ઉપરાંત ટેલી મેડીસીન પ્રોગ્રામ અંતર્ગત મોટી સંખ્યામાં જન સમુદાયને સ્પેશ્યાલીસ્ટ સારવાર પૂરી પાડવાનો ઉદ્દેશ્ય છે.

● **ઈજનેરી કોલેજમાં ખાલી જગ્યા**

કોંગીના શૈલેષ પરમારે રાજ્યની સરકારી ઈજનેરી કોલેજમાં ખાલી જગ્યાઓ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં તાંત્રિક શિક્ષણમંત્રીએ જણાવ્યુ છે કે રાજ્યમાં ૧૬ સરકારી ઈજનેરી કોલેજ આવેલી છે.

ગાંધીનગર સરકારી ઈજનેરી કોલેજ ખાતે વર્ગ-૧ની ૨૩, વર્ગ-૨ ની ૬, વર્ગ-૩ ની ૧૨ અને વર્ગ-૪ ની એક જગ્યા ખાલી છે.

રાજ્યમાં સરકારી ઈજનેરી કોલેજોમાં વર્ગ-૧ની ૩૦૮, વર્ગ-૨ ની ૧૮૯, વર્ગ-૩ ની ૩૧૦ અને વર્ગ-૪ ની ૧૯૭ જગ્યાઓ ખાલી પડેલી છે.

● **ગાંધીનગર મેડીકલ કોલેજનું મહેકમ**

ગાંધીનગર (ઉ)ના ભાજપના ધારાસભ્ય રીટાબેન પટેલે જીએમઈઆરએસ મેડીકલ કોલેજ ગાંધીનગરનું સંવર્ગવાર મંજૂર

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — ASTRAL PIPES — PRINCE PIPING SYSTEMS — Jaquar experience bathing — DR. FIXIT — Birla White THE WHITEST WHITE CEMENT — VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com